| | | |
|---|---|---|
| | જનસંપર્ક અધીકારી દ્વારા<br>પોલીસ કમિશનરશ્રીની કચેરી,<br>અમદાવાદ શહેર<br>ટેલીફોન નંબર ૨૫૬૩૩૩૩૩<br>કંટ્રોલરૂમ ટેલી.નં. ૨૫૬૩૦૧૦૦,૨૫૬૩૦૨૦૦,<br>૨૫૬૩૦૪૦૦ ફેક્સ: ૨૫૬૩૦૬૦૦ | |

તા.૨૫/૦૨/૨૦૨૦ મંગળવાર

## અમદાવાદ શહેર પોલીસ સમાચાર

**અમદાવાદ શહેર પોલીસ તરફથી કરવામાં**
**આવેલ પ્રશંસનીય/નોંધપાત્ર કામગીરી :-** **સમાચાર યાદી નં.૩૮૪/૨૦૨૦**

# ચોરીના ગુનાના આરોપીની અટકાયતની વિગત

## ખોખરા પોલીસ સ્ટેશન :

### મોબાઇલ ફોન ચોરીનો ગુનો શોધી કાઢી મોબાઇલ ફોન સાથે આરોપીને ઝડપી પાડતી ખોખરા પોલીસ

નાયબ પોલીસ કમિશનરશ્રી,ઝોન-૫,તથા મદદનીશ પોલીસ કમિશનરશ્રી 'આઇ' ડીવીઝન અમદાવાદ શહેરનાઓ દ્વારા મીલ્કત સબંધી ગુનાઓ શોધી કાઢવા સારૂ આપેલ સુચના આધારે પોલીસ ઇન્સ્પેકટરશ્રી, બી.જે.ઝાલાઓના સીધા માર્ગદર્શન હેઠળ ખોખરા પો.સ્ટે.સર્વેલન્સ સ્કોડના પો.સબ.ઇન્સ.આર.એન.ચુડાસમા તથા સ્ટાફના એ.એસ.આઇ.તેજપાલસિંહ પુરણસિંહ બ.નં.૭૭૨૮ તથા પો.કો.નિકુંજકુમાર જયકિશન બ.નં.૬૩૮૧ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ માણસો સાથે પો.સ્ટે વિસ્તારમાં પેટ્રોલીંગમાં હતા દરમ્યાન ખોખરા ઇડલી ચાર રસ્તા પાસે આવતા સાથેના પો.કો.નિકુંજકુમાર જયકિશન બ.નં.૬૩૮૧ તથા લો.ર.ભરતભાઇ રાહતભાઇ બ.નં.૧૨૨૩૮ નાઓએ સંયુકત અને ચોક્કસ બાતમી આધારે **આરોપી** સુરજ દિનેશભાઇ મુદલીયાર ઉ.વ.૧૯ રહે.મ.નં.સી/૧૦ પુષ્પવિહાર રો-હાઉસ અદાણી સર્કલ પાસે રામોલ અમદાવાદ શહેરનાઓને પકડી તેની અંગઝડતી તપાસ કરતા ખોખરા પો.સ્ટે.એ-પાર્ટ ૧૧૧૯૧૦૦૩૨૦૦૧૫૦/૨૦૨૦ ઇપીકો કલમ ૩૮૦ મુજબના ગુનાના કામે ચોરીએ ગયેલ મોબાઇલ ફોન નંગ-૧ કિં.રૂ.૧૦,૦૦૦/- ના મોબાઇલ ફોન સાથે મળી આવતા જે બાબતે ખોખરા પો.સ્ટે.ઉપરોક્ત ગુનો દાખલ થયેલ હોય જે મોબાઇલ ચોરીનો **ગુનો શોધી કાઢી આરોપીને** ગઇ કાલ તા.૨૩/૦૨/૨૦૨૦ ના કલાક ૨૨/૪૫ વાગે પકડી અટક કરી પ્રશન્સનીય કામગીરી કરેલ છે.

